બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૧૫ જુલાઈ, ૨૦૧૨)

**નોંધ :-(૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**
**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**
**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.**

**(વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર, સત્તરમી આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૧૦)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''તમારું સૌનું કલ્યાણ કરવા પોતે આવીને તમને દર્શન દેશે.'' (૨૧/૩૮)

➪ આકાશવાણી - સિદ્ધોને

➪ નીલકંઠવર્ણી નવલખા પર્વત તરફ પહોંચ્યા ત્યારે હજારો વર્ષથી તપ કરતા સિદ્ધોને નીલકંઠવર્ણીના આગમનની જાણ કરતી આકાશવાણી થઈ.

૨. ''હું આ દેવા ભક્તને લઈને શીલ ગામ જઈને બધાં ચીભડાં લઈ આવીશ.'' (૪૯/૯૭)

➪ નીલકંઠવર્ણી - મુક્તાનંદ સ્વામીને

➪ મુક્તાનંદ સ્વામીએ બાર-પંદર હરિભક્તોને બોલાવી શીલ ગામે ચીભડાં લેવા જવાની વાત કરી ત્યારે કહે છે.

૩. ''સાધુને કદી ભય હોય જ નહિ.'' (૧૮/૩૨)

➪ નીલકંઠવર્ણી - બાવાઓને

➪ રાજાના ત્રાસની વાત જણાવી બાવાઓએ કાઠમંડુ જવાની ના પાડી ત્યારે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. નીલકંઠવર્ણીએ લોજમાં રામાનંદસ્વામીના આશ્રમમાં રહેવાનું પસંદ કર્યું. (૪૪/૮૯)

જ. અહીં સ્ત્રી-ધનના ત્યાગની રુચિવાળા સંતો હતા. સદા સાકાર ભગવાનની, ભક્તે સહિત ઉપાસના હતી. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના પાંચ ભેદોનું તત્ત્વજ્ઞાન માન્ય હતું. શુદ્ધ ભક્તિ સંપ્રદાય હતો. તેથી નીલકંઠવર્ણીએ લોજમાં રામાનંદસ્વામીના આશ્રમમાં રહેવાનું પસંદ કર્યું.

૨. નીલકંઠવર્ણીનાં દર્શન થતાં જ રીંછ રડવા લાગ્યો. (૨૪/૪૬)

જ. તે રીંછ જાંબુવાન હતો. કૃષ્ણના સમયમાં તેણે કૃષ્ણની સેવા કરેલી, પરંતુ મનમાં શંકા રહી જવાથી ભટક્યા કરતો હતો. તે આજે નીલકંઠવર્ણીને જોઈને રડી પડ્યો.

૩. નીલકંઠવર્ણીએ ગોખલો પૂર્યો. (૪૭/૯૩-૯૪)

જ. લોજમાં રામાનંદ સ્વામીના આશ્રમ અને વાળંદના ઘરની વચ્ચે દીવાલના એક ગોખલા દ્વારા સાધુ અને વાળંદની સ્ત્રી ચૂલો પેટાવવા દેવતાની આપ લે કરતા હતા. નીલકંઠવર્ણીનું આ બાબતે ધ્યાન જતાં તેમણે કહ્યું : 'આ છિદ્ર દીવાલમાં નથી પણ ધર્મમાં છે.' તેથી ધર્મમાં શુદ્ધિ આણવા નીલકંઠવર્ણી ગોખલો પૂરે છે.

**પ્ર.૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ <u>એક</u> પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

**૧. સ્ત્રી-પુરુષની સભા જુદી કરી. (૪૬/૯૨)** લોજ આશ્રમની બાજુમાં જીવરાજ શેઠના ડેલામાં મુક્તાનંદ સ્વામી રોજ કથાવાર્તા કરતા હતા. સર્વ સંતો સાથે નીલકંઠવર્ણી પણ કથામાં ગયા. તેમણે સભામાં જોયું કે સ્ત્રી અને પુરુષો ભેગા ખીચોખીચ બેઠેલાં હતા. આનાથી બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થાય. તે નીલકંઠવર્ણીને ગમ્યું નહિ. તેથી તેમણે સભાનો ત્યાગ કર્યો. મુક્તાનંદ સ્વામીએ માન્યું કે ત્યાગનો અતિરેક છે. પછી તેમને સમજાવીશું. પણ નીલકંઠવર્ણી જતાં રહેતાં સૌ શૂન્યમનસ્ક થઈ ગયા. સૌના ચિત્તની એકાગ્રતા તૂટી ગઈ. બીજે દિવસે સભા શરૂ થઈ ત્યારે નીલકંઠવર્ણીએ સંતો હરિભક્તોને કહ્યું. તમે સૌ મંદિરમાં આવો. હું તમને ત્યાં કથા સંભળાવીશ. આમ, સ્ત્રીઓ સાથે બેસી કથા સાંભળવી તે ધર્મ નથી. સૌ સંતો અને હરિભક્તો નીલકંઠવર્ણીની કથા સાંભળવા ચાલ્યા. સભામાં માત્ર સ્ત્રીઓ રહેતાં મુક્તાનંદ સ્વામીએ ત્યાં બેઠેલી સ્ત્રીઓને કહ્યું, ''માતાઓ ! આ હવે છેલ્લા રામ રામ. આજથી સ્ત્રીઓ અને પુરુષોની સભા જુદી થશે.'' મુક્તાનંદ સ્વામી વયે ઘણા મોટા વળી રામાનંદ સ્વામીના પટ્ટશિષ્ય હતા. પરંતુ નીલકંઠવર્ણીનો

પ્રભાવ તેમના ઉપર છવાઈ ગયો હતો. તેથી નીલકંઠવર્ણીએ કરાવડાવેલા આ સુધારાને તેમણે મસ્તક પર ચડાવ્યો. બ્રહ્મચર્યધર્મના સ્થાપનનું વર્ણીનું આ પ્રથમ સોપાન હતું.

**૨. કૃતઘ્ની સેવકરામ (૩૦/૫૫-૫૭)** સેવકરામ ભાગવતનો ભણેલો વિદ્વાન માત્ર કથાકાર હતો. પરંતુ સાધુતાના કોઈ લક્ષણ તેનામાં નહોતા. કાંચીપુરમના માર્ગે નીલકંઠવર્ણીને મળેલો. નીલકંઠવર્ણીને ભાગવતમાં ખૂબ રુચિ તેથી તેની સાથે રહ્યા. તેની પાસે એક હજાર સોનામહોર હતી પણ કોઈ સેવક નહિ. તેને મરડો થયો, પીડા થાય, ચલાય નહિ તેથી રોવા લાગ્યો. નીલકંઠવર્ણીએ તેની સેવા કરવાનું આશ્વાસન આપ્યું. કેળાની ફૂલવાડીમાં કેળના પાનની હાથ ઊંચી પથારી કરી આપી. તેમાં સેવકરામને સૂવાડ્યો અને તેની સેવા કરવા લાગ્યા. સેવકરામ પોતાની જરૂરિયાત પૂરતી વસ્તુ પૈસા આપી મંગાવતા. તેમાંથી નીલકંઠવર્ણી રસોઈ કરી તેને જમાડતા. નીલકંઠવર્ણીને ભિક્ષા ન મળે તો ઉપવાસ પણ થતા. તો પણ સેવકરામ તેમને જમવાનું ન કહેતો. બે મહિનાની સેવા પછી તે સાજો થયો. એક મણ ભારનું પોટલું તે રાખતો અને નીલકંઠવર્ણી પાસે ઉપડાવતો. નીલકંઠવર્ણીએ જોયું કે આનામાં ભક્તિ પણ નથી અને કોઈએ કરેલા ઉપકારની કૃતજ્ઞતા પણ નથી. આથી તેમણે સેવકરામને કૃતઘ્ની જાણીને તેનો ત્યાગ કર્યો. જે સારા કાર્યની કદર ન કરે, સેવક પાસે ચૂસી ચૂસીને કામ લે તેના અન્નવસ્ત્રની ખબર ન રાખે તેને કૃતઘ્ની અને મહાપાપી માણસ ગણાય. તેથી નીલકંઠવર્ણીએ તેનો સંગ છોડી દીધો.

**૩. દીક્ષા આપી (૫૪/૧૦૭-૧૦૮)** સં.૧૮૫૭ના કાર્તિક સુદ એકાદશીએ(પ્રબોધિની અથવા દેવઊઠી એકાદશીએ) સૌએ નિર્જળા ઉપવાસ કર્યો હતો. પૂજાપાઠ કરી નીલકંઠવર્ણીએ રામાનંદ સ્વામીને પગે લાગી કહ્યું : 'સ્વામી ! તમે મારાં માતા-પિતા છો. તમે જ મારાં ગુરુ છો. કૃપા કરીને આજે મને મહાદીક્ષા આપો. રામાનંદ સ્વામીએ મોટો ઉત્સવ કરાવ્યો. યજ્ઞવિધિ કરાવી. નીલકંઠવર્ણીને મુંડન કરાવીને ગુરુ રામાનંદ સ્વામી પાસે આવ્યા. રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીના ગળામાં તુલસીની બેવડી કંઠી પહેરાવી. કપાળમાં ઊર્ધ્વપુંડ તિલક કર્યું. બે ભુજા તથા છાતીમાં ચંદન ચર્ચ્યું. કાનમાં ગુરુમંત્ર આપ્યો અને 'સહજાનંદ સ્વામી' તથા 'નારાયણમુનિ' એમ બે નામ પાડ્યાં અને ભાગવતી દીક્ષા આપી. રામાનંદ સ્વામીએ ઉપદેશ આપતાં કહ્યું, 'તમે ધર્મ પાળજો અને સૌને ધર્મ પળાવજો. આ પૃથ્વી પરના જીવોનું કલ્યાણ કરજો. મહિમાએ સહિત ભક્તિ પ્રવર્તાવજો.' આમ નીલકંઠવર્ણી હવે સહજાનંદ સ્વામી બન્યા.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહીં.**

૧. પ્રેમજી ઠક્કર ઘાસની સાદડી કોને આપવા માગતા હતા ? (૩૯/૭૫)

જ. કોઈ મોટા ફકીર, જોગી કે સંતને પ્રેમજી ઠક્કર ઘાસની સાદડી આપવા માગતા હતા.

૨. નરસિંહ મહેતાને ગિરનારમાં શી આકાશવાણી સંભળાઈ ? (૪૨/૮૪)

જ. 'સાક્ષાત્ ભગવાન તારે ઘરે પધારશે અને તને ચતુર્ભુજ નારાયણરૂપે દર્શન દેશે.'

૩. પીથલપરના જાનબાઈને કયો નિયમ હતો ? (૩૯/૭૬)

જ. રોજ ગાયનું દૂધ મહાદેવને ચડાવવાનો નિયમ હતો. રસ્તામાં જો કોઈ મળી જાય તો તે દૂધ તેને પાઈ દેવાનો નિયમ હતો.

૪. જગન્નાથજીના મંદિરમાં નીલકંઠ ક્યાં બેસીને ધ્યાન કરતા ? (૨૭/૪૮)

જ. જગન્નાથજીના મંદિરમાં નીલકંઠ ગરુડસ્તંભ આગળ બેસીને ધ્યાન કરતા.

૫. રામાનંદસ્વામીને વૈષ્ણવી દીક્ષા કોણે અને ક્યાં આપી ? (૪૧/૮૦)

જ. રામાનંદસ્વામીને વૈષ્ણવી દીક્ષા રામાનુજાચાર્યએ શ્રીરંગક્ષેત્રમાં આપી.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૩ (૧૬/૨૯) **૨.** ૧, ૨, ૩ (૩૮/૭૨)

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

**૧.** લક્ષ્મણજી (૫/૧૦) **૨.** શ્રીપુર (૬/૧૨) **૩.** પ્રભુ (૩૧/૫૭) **૪.** ધર્મદેવ અને ભક્તિમાતા (૧૪/૨૫)

**નોંધ : ખાલી જગ્યા નંબર - '૪' માં બંને જવાબ લખ્યા હોય તો જ '૧' ગુણ આપવો.**

**(વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૧, બારમી આવૃત્તિ - એપ્રિલ , ૨૦૧૧)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''તારા ઘરમાં ઊંમરા પાસે કંકુનાં પાંચ પગલાં પડશે તો સાચું માનજે.'' (૨/૧૫)

➩ દેવાનંદ સ્વામી - મેરાઈ ભક્તને

➭ દેવાનંદ સ્વામીએ મેરાઈ ભક્તને પોતે ધામમાં જવાના છે તો વિમાન તૈયાર રાખવાનું કહ્યું તેથી ભક્તને આશ્ચર્ય થયું ત્યારે સ્વામી કહે છે.

૨. ''હું કુળહીન, કુટિલ, કુપાત્ર છું. બુદ્ધિહીન છું.'' (૫/૩૪)

➭ જોબન પગી - મહારાજને

➭ રાત્રે મહારાજનો રોઝો ઘોડો ચોરવા ગયેલા જોબન પગીને દરેક ઘોડા પાસે મહારાજનાં દર્શન થતાં બીજે દિવસે સભામાં મંચ ઉપર મહારાજની પાસે પહોંચી જાય છે અને મહારાજની માફી માંગતા કહે છે.

૩. ''અત્યારે તો જે મોજ આપી શકે એવા સમર્થ હોય તે જ માગે.'' (૮/૫૮)

➭ આશાભાઈ - શાસ્ત્રીજી મહારાજને

➭ પુરુષોત્તમપુરામાં આશાભાઈના મકાનમાં આગ લાગી અને બધું જ બળી ગયું. તે સમયે શાસ્ત્રીજી મહારાજે સારંગપુરની મૂર્તિઓ માટે પૈસા માંગ્યા તે આપતાં કહે છે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. જીવુબા ચાર નામથી ઓળખાતા હતા. (૬/૪૦)

જ. એભલ ખાચરને સંતાન જીવતાં ન હતાં. તેથી આ પુત્રીનું નામ 'જીવુબા' રાખ્યું. સૌથી મોટાં દીકરી તેથી સૌ 'મોટીબા' પણ કહેતાં. એમનો જન્મ પૂનમને દિવસે થયો હતો. તેથી 'પૂનમતિ બા' પણ કહેતા. 'જયા' તરીકે પણ ઓળખાતાં.

૨. શ્રીજીમહારાજનો સમાગમ કરવા આવેલા ઝીણાભાઈ ઘેરથી આવતા પત્રો વાંચતા નહોતા. (૪/૨૭)

જ. કાગળો વાંચે તો ઉદ્વેગ થાય અને ઘેર જવાનો સંકલ્પ થાય અને સમાગમનું સુખ આવે નહિ, તેથી ઝીણાભાઈ કાગળો વાંચતા નહિ.

**પ્ર.૯** 'જીવુબા રથમાંથી ઉતરી ગયા' (૬/૪૧-૪૨) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

એક વખત જીવુબા રથમાં બેસી કારિયાણીથી ગઢપુર આવતાં હતાં. થોડે દૂર ગયાં ત્યાં ઝાડ નીચે સંત બેઠેલા દેખાયા. જીવુબાએ રથ હાંકનારને સંત પાસે મોકલ્યા. પૂછપરછ કરતાં ખબર પડી કે અખંડાનંદ સ્વામીને હાથધોણું (ઝાડા) થઈ ગયું છે. ચાલવાની શક્તિ રહી નથી, તેથી આમ ઝાડ નીચે બેઠા છે. મહારાજના સંતનું દુ:ખ જીવુબાથી કેમ જોયું જાય ? તરત પોતે રથમાંથી ઊતરી ગયા. પોતાની રેશમી રજાઈ, વસ્ત્રો ગોઠવીને પથારી તૈયાર કરી સ્વામીને રથમાં બેસાડી ગઢડે પહોંચતા કર્યા. જીવુબા દાસી સાથે આકરા તાપમાં ઉઘાડે પગે ચાલતા નીકળ્યા. રાજાની કુંવરી હોવાથી આવી રીતે ચાલવાની ટેવ હોય નહિ, તેથી પગમાં કાંટા, કાંકરા બહુ ખૂંચ્યા, પણ મહારાજના સંત માટે જીવુબાએ પોતાના દેહની પરવા કરી નહિ. મહારાજને વાતની ખબર પડતા બહુ જ રાજી થયા અને કહ્યું : 'મારા સંતની સેવા કરી એ મારી સેવા કર્યા બરાબર જ છે.'

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. લાડુદાનજીએ શ્રીહરિના પ્રથમ દર્શને કયું કીર્તન બનાવ્યું ? (૧/૨)

જ. લાડુદાનજીએ શ્રીહરિના પ્રથમ દર્શને કીર્તન બનાવ્યું કે 'ધન્ય આજની ઘડી રે, ધન્ય આજની ઘડી....'

૨. સર્વમંગલ સ્તોત્રમાં ઝીણાભાઈનો કયા નામથી ઉલ્લેખ છે ? (૪/૩૦)

જ. સર્વમંગલ સ્તોત્રમાં ઝીણાભાઈનો हेमन्तार्चास्तुतिप्रीताय नमः નામથી ઉલ્લેખ છે.

૩. નિર્ગુણદાસ સ્વામી કયું પદ વારંવાર બોલતા ? (૭/૪૭)

જ. 'રે રંગ સહિત હરિને રટીએ, રે હાક વાગે પાછા નવ હઠીએ ; બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીએ, રે શિર સાટે નટવર ને વરીએ

૪. બ્રહ્માનંદ સ્વામીએ અમદાવાદમાં મંદિર માટે કોની પાસે જમીનનો લેખ કરાવ્યો ? (૧/૬)

જ. બ્રહ્માનંદ સ્વામીએ અમદાવાદમાં મંદિર માટે જનરલ ગોર્ડન સાહેબ પાસે જમીનનો લેખ કરાવ્યો.

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : ખૈયાખત્રી સાથે શાસ્ત્રાર્થ (૧/૫-૬)**

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (૧) **ફક્ત સાચા નંબરો** | ૨ | ૪ | ૬ | ૮ | ૧૦ | ૧૨ |
| (૨) **યથાર્થ ઘટનાક્રમ** | ૨ | ૮ | ૧૦ | ૪ | ૬ | ૧૨ |

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરો : જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો. (૨) યથાર્થ ઘટનાક્રમ : ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચું ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો .**

**પ્ર.૧૨ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી :** નાહવાનું મોડું થઈ ગયું હતું. બધા સંતો ઘેલે નાહીને વહેલા પરવારી ગયા હતા. હવે પોતાની જોડમાં કોણ આવશે તેની તેમને મૂંઝવણ હતી. (૩/૧૯)

૨. **સ્વામી નિર્ગુણદાસજી :** કંઈ અપરાધ થયો હોય, આપની રુચિ બરાબર ન જાળવી શક્યો હોઉં, તો ક્ષમા કરજો. હવે ધામમાં લઈ જાઓ. (૭/૫૧)

૩. **ભક્તરાજ જીવુબા :** મારે તો બ્રહ્મચર્ય પાળીને ભગવાન ભજવા છે. જીવુબાનો ભાવ રાઈબાઈ સમજી ગયાં. એમણે દીકરાને સમજાવ્યું કે વહુને ભગવાન ભજવાની રજા આપો. (૬/૪૦)

૪. **ભક્તરાજ જોબન પગી :** જોબને કહ્યું મારે તો તમારા ગુરુની મોટાઈ જોવી છે. આજે તમે આડા ફરશો, પણ સ્વામિનારાયણ બીજે ગામ જશે ત્યારે શું કરશો ? (૫/૩૩)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિકતા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

**૧. મારા અંતરની વીણા ઝંકારે : ભક્તિ અને કરુણાનો સાગર : (૧)** સ્વામીશ્રીને મન ભક્તિ એ ગૌરવ છે. ભક્તિરેવ ગરિયાસી - ન્યુઝીલેન્ડમાં સભામાં સમય કરતાં વહેલા નીકળ્યા - સંતોને કહે, 'વહેલા જઈએ તો દર્શન, ભજન થાય.' ભક્તિનું ગૌરવ કહેતાં હોય એવા અન્ય પ્રસંગો લખવા. **(૨)** સ્વામીશ્રીને મતે જ્યારે ભજન ન થાય ત્યારે વ્યર્થ સમય ગુમાવ્યો કહેવાય. સ્વામીશ્રી કહે 'આપણે તો બધે જ ભક્તિ કરી છે - સત્સંગ કરાવ્યો છે. હરિભક્તોને રાજી કર્યા છે તેથી સમય ગુમાવ્યો ન કહેવાય.' બે દેશ વચ્ચેના અંતરને બેલેન્સ કરવા માટે જે સમય ગુમાવાય છે તેનો ઉલ્લેખ સ્વામીશ્રી દ્વારા આ રીતે યોગ્ય જવાબરૂપે. **(૩)** પાંચ પેઢીના પૂર્વજોના નામ સ્વામીશ્રી યાદ રાખે - મુમુક્ષુ બ્રહ્મભટ્ટ નામના કિશોરનો સંતોએ પરિચય આપ્યો ત્યારે સ્વામીશ્રીએ તેની પાંચ પેઢીના પૂર્વજોનાં નામ ગણાવ્યા - મુમુક્ષુ સ્વામીશ્રીના ચરણોમાં નમી પડ્યો. કેવી ભક્તિ ! આવા ભક્તોને સ્વામીશ્રી કેમ કરીને ભૂલી શકે ? સંતો ઓસ્ટ્રેલિયાથી સિંગાપોર - સ્વામીશ્રી વિમાનમાં પધાર્યા ત્યારે આખું વિમાન ખાલી - મહાનુભાવ તરીકે પ્રથમ પ્રવેશનો અધિકારીઓનો આગ્રહ - પરંતુ ઠાકોરજીને હાથમાં લીધેલ સંત પ્રવેશ્યા પછી જ સ્વામીશ્રી વિમાનમાં બિરાજ્યા. આ જ વિમાનમાં હરિભક્તનો નાનકડો બાળક આરતી, અષ્ટક મોઢે બોલ્યો - સ્વામીશ્રી રાજી - કહે વાણિયો યાદશક્તિવાળો છે - બાળક કહે હું વાણિયો નથી, સ્વામિનારાયણિયો છું. - એણે સ્વામીશ્રીને સ્વામિનારાયણિયા કહ્યા ત્યારે સ્વામીશ્રી કહે અમે ક્યાં સ્વામિનારાયણ છીએ. અમે તો સ્વામિનારાયણના દાસ છીએ. - બંને પ્રસંગોમાં દાસત્ત્વમુદ્રા અને દાસત્વભક્તિનાં વચનોનાં દર્શન. **(૪)** પાંચ સંતોને બેંગ્લોરમાં સંસ્કૃત ભણવાની આજ્ઞા - સંતોના ઉતારાની બાજુમાં અતિ ભાવિક મુમુક્ષુનો નિવાસ - તેમની ભક્તિથી સ્વામીશ્રી તેમના ઘરને પાવન કરવા પધાર્યા - શ્રીહરિના અખંડ ધારક સંતના ચરણારવિંદ કાપડમાં અંકિત કરાવવાની તેમની મહેચ્છા - તેથી કોઈ ન જાણે તેમ સ્વામીશ્રીના ચરણ કુમકુમવાળા કાપડ પર અંકિત થાય તેવી ગોઠવણ - સ્વામીશ્રી પરિસ્થિતિ પામી ગયા - બાજુમાં ચાલીને ઘરમાં પ્રવેશ - સૌ સ્વામીશ્રીની આ દાસત્વભક્તિને વંદી રહ્યા - સંત નિવાસમાં મુશ્કેલીથી સાંકડો દાદર ચઢીને પણ પધાર્યા અને સંતોને આશીર્વાદ - સંતોના પ્રત્યેક પુસ્તકોને સ્પર્શ - જ્ઞાન સાથે ભક્તિની સુવાસ - સંતો સાથે ફોટો પડાવી ચિરંતન સ્મૃતિ. **(૫)** સૈદ્ધાંતિક પુરુષ : બેંગ્લોરથી સંતો સ્વામીશ્રીનો લાભ લેવા હૈદરાબાદ - સ્વામીશ્રીના ઉતારે સંતો દર્શન કરવા પધાર્યા - શયનમાં જતા રોકાઈને સ્વામીશ્રી સંતો પાસે સોફામાં બિરાજ્યા. મીઠો આવકાર આપ્યો પછી સંસ્થાના સિદ્ધાંતની વાત કરી - સિદ્ધાંતની પુષ્ટિ થાય તેવું ભણવું - મહારાજ સાકાર છે નિરાકાર નથી તે વાત દૃઢ કરાવી - ભોજન બાદ પણ થાક હોવા છતાં, ડૉક્ટરોની ન બોલવાની સૂચના હોવા છતાં ૫૫ મિનિટ સુધી આ સંતો પર વરસ્યા. અસ્મિતાથી છલકાતી સ્વામીશ્રીની વાણીથી પ્રતીતિ થતી હતી કે અક્ષરપુરુષોત્તમ સનાતન વૈદિક સિદ્ધાંત આજે સ્વામીશ્રી રૂપે મૂર્તિમાન વિચરી રહ્યો છે. **(૬)** વિદ્યાનુરાગી : સંતોને સમયે સમયે અભ્યાસ માટે પ્રોત્સાહન - સંતો પરીક્ષા આપે તેમાં ખૂબ રાજી - પુસ્તકોની, અભ્યાસની વ્યવસ્થા કરાવે - સંતો પાસ થાય તો પત્રથી અંતરના આશીર્વાદ આપે - નાપાસ થાય તો આશ્વાસન પત્ર લખે - મહારાજને જેમ સંતો વિદ્યા ભણતા તે ગમતું તેમ સ્વામીશ્રી પણ વિદ્યાનુરાગી છે. સ્વામીશ્રી કરુણાના સાગર છે તથા ભક્તિના સાગર છે તેવા અન્ય પ્રસંગો પરીક્ષાર્થી દ્વારા લખાયેલા હોય તો તે માન્ય કરવા જ. **(૭)** ઉપસંહાર : આમ, સ્વામીશ્રી ભક્તિના સાગર - કરુણાના સાગર છે. દાસત્વભક્તિ તેમને ખૂબ પ્રિય છે.

**૨. તરુણોના આદર્શ - નીલકંઠવર્ણી : (૧)** વિશ્વમાં તેમજ ભારત દેશમાં તરુણોની સંખ્યા વિશેષ - તેમાં પણ ભારતમાં યુવાધન એટલે કે તરુણોની સંખ્યા અન્ય દેશોની સરખામણીમાં વિશેષ. **(૨)** તરુણો એટલે કે યુવાનો કેવા હોય ? યૌવનથી થનગનતા,

પથ્થર પણ હાથથી તોડી નાખે તેવા તાકાતવાળા, સ્ફૂર્તિવાળા, આગળ થઈ ગયેલા યુવાનો શુરવીર, નિષ્ઠાવાન, પ્રામાણિક, દેશપ્રેમી, ઉદાહરણો આપી શકાય. (૩) વર્તમાનકાળે પશ્ચિમનો વાયરો - દેશના યુવાનો ખોટે રવાડે - પરદેશના યુવાનો પણ વ્યસન, ડ્રગ્સ, ખરાબ ખાણી-પીણીના રવાડે - મહામૂલું યૌવનધન વેડફાઈ રહ્યું છે. (દેશ તેમજ પરદેશના યુવાનોના પ્રસંગો લખી શકાય.) (૪) આ યુવાધનનો કોઈ રોલ-મોડેલ છે ? આ યુવાનો ખોટે માર્ગેથી પાછા વળી સાચા માર્ગે લઈ જઈ શકે તેવું કોઈ છે? જવાબ છે હા. નીલકંઠવર્ણી તરુણોના આદર્શ છે. નીલકંઠવર્ણીના ગુણો જેવા કે નિયમધર્મની દૃઢતા, નિષ્કામીપણું, લોભ, લાલચને હડસેલી દેવી - સંયમ, બ્રહ્મચર્ય, ત્યાગ-વૈરાગ્ય, પંચવર્તમાન - આ બધા ગુણો વિષે યુવાનો વાંચે, વિચારે અને તે માર્ગે આગળ ચાલે તો નીલકંઠવર્ણી જેવા ગુણો તેઓમાં પણ આવી શકે. (૫) યુવાનો, તરુણોની સામે આદર્શ તો છે પણ તે આદર્શો મુજબ કોઈ રાહબર - તેમને વર્તાવનાર કોઈ છે ? હા વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજ યુવાનોને નીલકંઠવર્ણી જેવા ગુણો કેળવવા તેમના માર્ગે ચાલવા પ્રેરણા આપે છે. આ માટે સ્વામીશ્રી અથાગ પ્રયત્નો કરે છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સ્થાપેલાં યુવકમંડળોમાં પ્રમુખસ્વામી મહારાજે ખાતર, પાણી સીંચીને (પરસેવો, શ્રમ વગેરે દ્વારા) ઉછેરીને વિશાળ વટવૃક્ષ સમાન બનાવ્યાં છે. (પ્રસંગો) આપણી સંસ્થાના યુવાનો, તરુણો તથા સંતો હરિભક્તોના યોગમાં આવતા યુવાનો નીલકંઠવર્ણીના આદર્શ પ્રમાણે જીવનને ઊર્ધ્વગામી બનાવી રહ્યા છે. પ્રામાણિકતા, નિયમધર્મની દૃઢતા, નીતિમત્તા વગેરે ગુણોને લીધે સંસ્થાના યુવાનો શોભી રહ્યા છે. (પ્રસંગો લખવા) (૬) તેથી જ સ્વામીશ્રીએ દિલ્હી અક્ષરધામમાં તરુણોના આદર્શ માટે નીલકંઠયાત્રાની આઈમેક્સ ફિલ્મ બનાવીને મૂકી છે. અસંખ્ય મુમુક્ષુઓ તથા યુવાનો આ ફિલ્મમાંથી પ્રેરણા મેળવે છે અને પોતાનું જીવન આદર્શ બનાવે છે. ભવિષ્યની પેઢીઓ પણ આ આદર્શ દૃષ્ટિ સમક્ષ રાખીને જીવનને ઊર્ધ્વગામી બનાવશે. (૭) યુવા પ્રવૃત્તિની ષષ્ઠીપૂર્તિની ઊજવણી થઈ રહી છે તે જ સૂચવે છે કે આપણા તરુણોનો આદર્શ નીલકંઠવર્ણી જ છે. - ઉપસંહાર.

**૩. આપણી સાચી શોભા - નિયમધર્મ :** (૧) માનવીની સાચી શોભા કઈ ? ધન, દોલત કે સત્તા ? ના. આપણી સાચી શોભા છે નિયમધર્મ. (૨) નિયમ પાળવાથી ઘણો લાભ - પછી તે નિયમ કોઈપણ પ્રકારના હોય - સામાજિક, આર્થિક કે કાયદાકીય તેમાં પણ આધ્યાત્મિક નિયમ એટલે ધર્મનિયમ. શાસ્ત્રોએ આપેલ નિયમ એટલે ધર્મનિયમ. શાસ્ત્રોએ આપેલ નિયમો, શિક્ષાપત્રીના નિયમો તેમજ ઈષ્ટદેવ તથા ગુરુએ આપેલ નિયમો - આ નિયમો પાળવાથી ખૂબ લાભ (લાભ થયા હોય તે પ્રસંગો વિગતવાર લખી શકાય) અજાણતાં પણ નિયમ પાળે તો લાભ થાય તો જાણીને મહિમાથી નિયમ પળાય તો વિશેષ લાભ (પ્રસંગો) (૩) નિયમધર્મને નેવે મૂકીને જીવન જીવે તેનું જીવન પશુ સમાન (સંસ્કૃત સુભાષિતો, શ્લોકો, સાખી, પ્રસંગો આપી શકાય.) અનેકનાં જીવન નિયમો ન પાળવાથી બરબાદ થયાં છે તે પ્રસંગો લખી શકાય. (૪) શાસ્ત્રમાં નિયમધર્મ તો અનેક હોય પણ તે સત્પુરુષ દ્વારા પળાવવામાં આવે અને તે પ્રમાણે વર્તવાનો આગ્રહ રાખવામાં આવે તો જીવન ઉજ્જવળ બને. સ્વામીશ્રીએ આપેલ નિયમો પાળવાથી જીવન ઊર્ધ્વગામી બન્યાના પ્રસંગો લખી શકાય. (૫) નિયમધર્મ અંગે ગુરુપરંપરા તેમજ ઈષ્ટદેવનો આગ્રહ - નિયમધર્મમાં શિથિલતા આવે તો ગુરુ અથવા ઈષ્ટદેવ દ્વારા પ્રાયશ્ચિત - ગુરુ નિયમધર્મ પાળવા માટે બળ આપે, શક્તિ આપે - ગુરુની કૃપાથી નિયમધર્મ પાળી શકાય. (૬) સત્સંગીની સાચી શોભા નિયમધર્મ - કારણ સમાજમાં સત્સંગીની આગવી છાપ - તેથી જ નિયમધર્મ પાળવાથી સત્સંગીની, ઈષ્ટદેવની, ગુરુની અને આપણી શોભા વધે છે. તેથી જ આપણી સાચી શોભા નિયમધર્મ. - ઉપસંહાર.

❑ ❑ ❑